



## સ્પર્શ ગંગા અભિયાનનો અરવલ્લી ખાતે શુભારંભ : પ્રાચીન મંદિરો અને નદીઓને બચાવવા માટે સૌ આગળ આવે : ૫૦૦ વર્ષ જુના પ્રાચીન સ્વયંભૂ રક્ષેશ્વર મહાદેવ મંદિરના વિકાસ માટે જવાબદારતંત્ર આગળ આવે, પર્યટન સ્થળ તરીકે વિકસાવવા માંગ - સ્પર્શગંગા

ઉત્તરાખંડથી ચાલુ થયેલ સ્પર્શ ગંગા અભિયાન ગુજરાતના માલપુર સુધી પહોંચ્યું હતું, જે અંતર્ગત યુવાઓની એક ટીમ બનાવી જેઓને સ્વચ્છતા માટે પ્રેરિત કરી અન્ય લોકોને સ્વચ્છતા માટે જોડવા તેમજ સમગ્ર નદીઓને તેમજ ધાર્મિક, જાહેર સ્થળોને સ્વચ્છ બનાવવા જે અંતર્ગત માલપુર રૂઘનાથપુર પાસે આવેલા ૫૦૦ વર્ષ જુના સ્વયંભૂ રક્ષેશ્વર મહાદેવ મંદિર ખાતે સ્વચ્છતા અભિયાન યોજવામા આવ્યું હતું તેમજ વાત્રક નદીના કાંઠે સફાઈ કરી, કચરાનો નાશ કરી અભિયાનનો માલપુર ખાતે પ્રારંભ કરવામાં આવ્યો હતો તેમજ સમગ્ર યુવાનોને સ્વચ્છતા માટેના શપથ લેવડાવવામાં આવ્યા હતા. સ્પર્શ ગંગા અભિયાન હર હર ગંગે જય મા ગંગે ના જયઘોષ સાથે વાત્રક નદી તેમજ આસપાસના તટની સફાઈ કરવામાં આવી હતી જે પ્રસંગે હિન્દૂ યુવા વાહીની અરવલ્લી અધ્યક્ષ હર્ષ પંડયા, ગૌ- રક્ષક સચિન કડિયા, પાર્થ કડિયા, કશ્યપ પટેલ, કેવલ પંડ્યા તેમજ હિન્દૂ યુવા વાહીનીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા તેમજ સ્વચ્છ માલપુર બનાવવા માટે કટિબદ્ધ બન્યા હતા. સ્પર્શ ગંગા અભિયાનમાં જોડાવવા માટે હેલ્પલાઈન નંબર- ૭૦૬૫૫૪૦૦૦૦.

# દઘાલીયા દૂધ ઉ.મંડળીમાં ૬.૪૧ લાખની નાણાકીય ગેરરીતિ

## મંડળીના ચેરમેન, સેક્રેટરી સહિત પણ પાંચ કસુરવાર જવાબદારોને તાકીદ કર્યા

મોડાસા, તા. ૩

અરવલ્લી મોડાસા તાલુકાના દઘાલીયા ગામની દૂધ ઉ.મંડળીમાં એક મહિના પૂર્વે સાબર ડેરીના શામળાજી શીત કેન્દ્રના સુપરવાઈઝર મનીષ પટેલની સરપ્રાઈઝ તપાસ દરમિયાન દૂધ મંડળીમાં ગ્રાહકોના ગાયના દૂધના જથ્થાને ભેંસના દૂધ તરીકે સંપાદન કરી મંડળીના જવાબદારોની નાણાકીય ગેરરીતિ તપાસમાં બહાર આવતા સાબર ડેરીના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવતા ૬.૪૧લાખ રૂપિયાની નાણાકીય ગેરરીતિ આચરાઈ હોવાની નોટિસ શનિવારના રોજ મંડળીને મળતા ગામમાં ચર્ચાનો વિષય બન્યો હતો. સાબરડેરી હિંમતનગરે દૂધ મંડળીના ચેરમેન, સેક્રેટરી, કર્મચારી અને બે સભાસદોને કસૂરવાર ઠેરવી તાકીદ કર્યા હતા. જેમાં દૂધ મંડળીમાં ફેટમાં ગોટાળા કરનાર ચેરમેન દિનેશભાઈ પ્રજાપતિ પાસે ૧.૮લાખ, ઈ.સેક્રેટરી રસિકભાઈ પટેલ પાસે ૨.૬૦ લાખ, કર્મચારી ખાંટ દિનેશભાઈ પાસે ૩૮હજાર, સભાસદ જોશી કૌશિભાઈ પાસે ૧.૩૭ લાખ અને પટેલ નરેન્દ્રભાઈ પાસે ૯૬ હજાર વસૂલી હિસાબો તૈયાર કરી સાબરડેરીને જાણ કરવા તાકીદ કર્યા હતા. સાબરડેરી શામળાજી શીત કેન્દ્રના ઈનચાર્જ ડિરેકટર જગદીશભાઈ પટેલે જણાવ્યું હતું કે આ તો માત્ર એક વર્ષના લીધેલા ડેટા રિપોર્ટની તપાસ દરમિયાન નાણાકીય ગેરરીતિ સામે આવી છે. આ અગાઉ ગત વર્ષોનો ડેટા રેકોર્ડ રિપોર્ટ લઈ તપાસ હાથ ધરાશે અને કસુરવારોને સામે કડક પગલાં ભરવામાં આવશે તેવું જણાવ્યું હતું. શનિવારે શામળાજી શીતકેન્દ્ર ખાતે મંડળીના હોદ્દેદારો અને સભાસદોની તત્કાલિત મિટિંગ બોલાવી હતી. જેમાં દઘાલીયા દૂધ મંડળીએ કસુરવારોને બે દિવસમાં લેખિત ખુલાસો આપવા જણાવ્યું હતું. વિશેષમાં સાબર ડેરીએ પણ નિર્ધારિત સમયમાં કસુરવારોએ ગેરરીતિના નાણાં મંડળીમાં જમા કરાવી હિસાબો રજુ નહિ કરે તો સાબરડેરી દૂધ લેવાનું બંધ કરશેનો નોટિસમાં ઉલ્લેખ કર્યો હતો. દઘાલીયા દૂધ મંડળી ભૂતકાળમાં પણ નાણાકીય ગેરરીતિ મામલે કસૂરવાર રહ્યું છે છતાં વારંવાર આવી ગેરરીતિ સામે આવતા દૂધ ધારકો પણ વિશ્વાસ ગુમાવી બેઠયા છે.



## ખેડબ્રહ્મામાં ગટર ઉભરાતા રોગચાળો ફાટી નીકળવાની દહેશત

ખેડબ્રહ્મા શહેરમાં આવેલ ગટરની યોગ્ય સફાઈ ન થતી હોય પાણી ઉભરાઈ રોડ ઉપર આવી જાય છે જેને લઈ સ્થાનીક લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.ખેડબ્રહ્માના ભક્તિનગરમાં આવેલી ગટરોમાંથી પાણી ઉભરાઈ રોડ ઉપર થઈ છેક માર્કેટયાર્ડના પાછળના ભાગે પહોંચી જાય છે જેને લઈ ત્યા રહેતા લોકોને નાક પકડી ઘરની બહાર નીકળવું પડી રહ્યું છે. રોડ ઉપર એટલી ગંદકી હોય છે કે લોકોને વગર ચોમાસે ચોમાસામાં ચાલતા હોય તેવી સ્થિતિનો અનુભવ થાય છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર નગરપાલીકા અઠવાડિયે ગટર સાફ કરી જાય છે પણ વાંરવાર ભરાઈ જાય છે જેનો યોગ્ય નિકાલ કરવામાં આવતો નથી જેથી લોકોની માંગણી છે કે ચોમાસા પહેલા નિકાલ કરવામાં આવે નહીંતર રોગચાળો ફાટી નીકળશે તેવુ લાગી રહ્યુ છે.

### શામળાજી પોલીસે વેણપુર નજીક

# મેંદાના કટ્ટાની આડમાં સંતાડીને લવાતો ૧૦.૧૨ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

### ટ્રક ડ્રાઈવર સહીત અન્ય એક આરોપીને દબોચી લીધો




શામળાજી, તા. ૩

અરવલ્લી જીલ્લા શામળાજી નજીક આવેલી રતનપુર ચેક પોસ્ટ નજીક આવેલા વેણપુર ગામની સીમમાંથી શામળાજી પોલીસે ટ્રકમાં વેસ્ટ ઘઉંના મેંદાના લોટના કટ્ટાની આડમાં સંતાડીને લવાતો ૧૦.૧૨ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી ૨ આરોપીઓની ધરપકડ કરી કુલ રૂ. ૨૦૧૪૧૭૬નો મુદામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પોલીસે શનિવારે રાત્રીના સુમારે વેણપુર ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા રાજસ્થાન તરફથી આવતી ટ્રક (ગાડી.નં.આરજે. ૧૯. જીબી.૬૩૭૯)ને અટકાવી ટ્રકમાં તપાસ હાથ ધરાતા ટ્રકમાં વેસ્ટ ઘઉંના મેંદાના કટ્ટાની આડમાં સંતાડીને લવાતો ગેરકયદેસર વગર પાસ પરમિટનો વિદેશી દારૂની પેટી નંગ-૫૧૪ થતા છુટ્ટી બોટલ નંગ-૮૦ મળી કુલ બોટલ નંગ-૬૨૪૮ જેની કુલ કિંમત રૂ. ૧૦૧૨૧૭૬ ઝડપી પાડી અજીતસિંહ રામમેહર વાલ્મિકી (રહે. ઘોડ, હરિયાણા) અને નેમીચંદ પ્રભુલાલ મીના (રહે. રામપુરીયા, કોટા રાજસ્થાન)ની ધરપકડ કરી મોબાઈલ નંગ-૨ કિંમત તથા ટ્રકની કિંમત રૂપિયા ૧૦૦૦૦૦૦ અને તાડપત્રી રસ્સી કિં. રૂ.૧૦૦૦ મળી કુલ રૂ.૨૦૧૪૧૭૬ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડી ટ્રકમાં દારૂ ભરી આપવામાં મદદગારી કરનાર સુરેશ ઉર્ફે રુંડ ગુલિયા રહે. જાફરપુર દિલ્હી વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા. ઝડપાયેલ શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પશુ સારવારમાં સાબરડેરીના નવતર પ્રયોગે એવોર્ડ અપાવ્યો

હિંમતનગર, તા. ૧

સાબરડેરી દ્વારા સમગ્ર ભારતમાં સૌ પ્રથમવાર પશુઓના વિવિધ રોગોની સારવાર માટે કરેલા નવતર પ્રયોગને સફળતા મળવા બદલ શુક્રવારે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (એન.ડી.ડી.બી.) દ્વારા સાબરડેરીના એમડી.ને ડેરી ઈનોવેશન પુરસ્કાર આપી આણંદ ખાતે કેન્દ્રીય અને રાજ્યના કૃષિમંત્રીની ઉપસ્થિતિમાં એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યુ હતુ જે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના દૂધ ઉત્પાદકો માટે ગૌરવ સમાન છે. આ અંગેની વિગત એવી છે કે સાબરડેરીના નિયામક મંડળના માર્ગદર્શન હેઠળ એમડી ડૉ. બી.એમ. પટેલની સુચનઆથી વેટનરી વિભાગ દ્વારા બંને જિલ્લાના પશુઓમાં થતા વિવિધ રોગો જેવા કે આંચળની બિમારી, તાવ, ઝાડા તથા પશુને ગર્ભ ધારણ કરવા માટે સારવારમાં ઘરગથ્થુ ઉપચાર પદ્ધતિ (ઈશનોવેટ)નો નવતર પ્રયોગ શરૂ કરાયો હતો જેમાં ધાર્યુ પરિણામ મળતા અન્ય દવાઓનો ઉપયોગ ઘટ્યો હતો અને દૂધનું ઉત્પાદન વધ્યુ હતુ. સાબરડેરી દ્વારા અમલી બનાવાયેલ ઈયનોવેટ નવતર પ્રયોગ માટે ભારતમાં તે દિશામાં કામ થાય તેમ માની એન.ડી.ડી.બી. દ્વારા તા. ૧ જૂન ૨૦૧૮ને વિશ્વ દૂધ દિવસની ઉજવણી અંતર્ગત આણંદ ખાતે યોજાયેલ સન્માન કાર્યક્રમમાં સાબરડેરીના એમડી ડૉ. બી.એમ. પટેલ તથા જનરલ મેનેજર ડૉ. જે.બી. પટેલ, ડૉ. જે.કે. પટેલ, ડૉ. એસ.બી. પટેલની ઉપસ્થિતિમાં સાબરડેરીને ઈનોવેશન પુરસ્કાર આપી સન્માન કરવામાં આવ્યું હતું.



યાત્રાધામ શામળાજી ખાતે મંદિર ટ્રસ્ટ સંચાલિત ગૌ શાળાના લાભાર્થે સાત દિવસીય ભાગવત સપ્તાહનું આયોજન કરાયું છે. આ સપ્તાહના પાંચમા દિવસ રવિવારે કથાનું રસપાન કરવા હજારો ભાવિકો ઉમટયા હતા. વ્યાસપીઠ ઉપર શ્યામસુંદરદાસજી મહારાજ બિરાજમાન છે. ત્યારે કથામાં આજે ગોવર્ધન પર્વત મનોરથની ઉજવણી કરાઈ હતી.

# સમગ્ર ચૌધરી સમાજનું આસ્થાનું કેન્દ્ર અર્બુદા ધામમાં માતાજીનો પાંચમો પાટોત્સવ ઉમંગભેર ઉજવાયો

## આગામી નવમી સપ્ટેમ્બરે પ્રથમ મહામેળો યોજાશે તે બાદ દર નવ વર્ષે મહામેળાનું આયોજન થશે




મોડાસા, તા. ૩

આજરોજ સમગ્ર ચૌધરી સમાજનું આસ્થાનું કેન્દ્ર અર્બુદાધામમાં માતાજીનો પાંચમો પાટોત્સવ ઉમંગભેર ઉજવાયો હતો. જેમાં અરવલ્લી-સાબરકાંઠાના શ્રધ્ધાળુઓ પણ ઉમટી પડ્યા હતા અને કુળદેવી અર્બુદા માતાજીનાં દર્શન-અર્ચન કરીને ધન્યતા અનુભવી હતી.

જેમની પ્રેરણા અને પુરુષાર્થ જેના પાયામાં છે તેવા અર્બુદા ધામમાં ઋષિ સમાન પૂ. પ્રતાપભાઈ જાખડે જણાવ્યું કે ચૌધરી સમાજના સૌ ભાઈ-બહેનો, દાતાઓના દાનપુણ્ય અને સાથ સહયોગને લીધે નિર્માણ પામેલા આ અર્બુદાધામમાં આજે પાંચમો પાટોત્સવ ભારે હર્ષોલ્લાસ વચ્ચે ભારે ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. ઉત્તર ગુજરાતના જિલ્લાઓ ઉપરાંત અન્ય વિસ્તારોમાંથી પણ અર્બુદા માતાજીના ભક્તો, શ્રધ્ધાળુઓ આ પાવન અવસરે વિસનગર નજીક મહેસાણા રોડ ઊપર આવેલા આ ધામમાં ઉમટી પડ્યા હતા.

આજના પાટોત્સવના અવસરે યાગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. દૂર દૂરથી આવેલા ભાવિકો માટે યજ્ઞના અંતે મહાપ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આગામી ૯મી સપ્ટેમ્બરે પ્રથમ નવ વર્ષ પૂરા થવાના અવસરે અહીં પ્રથમ મહામેળો યોજાશે તે માટેનું આયોજન કરવા દાનદાતાઓનો સહયોગ મેળવવા પ્રયાસ હાથ ધરાયા છે તેમ પણ પૂ. પ્રતાપભાઈ જાખડ (ઋષિ)એ જણાવ્યું હતું. તે પછી દર નવ વર્ષે અહીં મહામેળો યોજાશે. અર્બુદાધામમાં આજે યોજાયેલા આ પટોત્સવમાં અરવલ્લી જિલ્લામાંથી પણ પોતાનાં કુળદેવીના દર્શને ભાવિકો ઉમટી પડ્યા હતા. જેમાં મોડાસા તાલુકામાંથી અને મોટી ઈસરોલ વિસ્તારમાંથી પણ પ્રભુદાસભાઈ, દેવકરણભાઈ પી. પટેલ અને અન્ય ભાવિકો વહેલી સવારથી જ માતાજીના ધામમાં પહોંચી જઈ દર્શન અર્ચન કરી ધન્યતા અનુભવી હતી.

## તરકવાડા ગામે ગોપાલદાસબાપુનો સત્સંગ

મેઘરજ, તા. ૧

મેઘરજ તાલુકાના તરકવાડા ગામે પિલુન્દ્રા સત્ય સનાતન આશ્રમના સદ્ગુરૂ ગોપાલદાસબાપુ ભજન સત્સંગ કાર્યક્રમ યોજાયો હતો. આગમન સાથે તરકવાડાના ગ્રામજનો-મહિલાઓએ ધામધૂમથી સામૈયુ કરી આરતી ઉતારી હતી. સેવાભાવીઓના સહકારથી મહાપ્રસાદ બાદ બાપુએ ભજન સાથે સત્સંગમાં વ્યસનમુક્તિ-પાન-મસાલા-ગુટખા છોડવા ભાર મુક્યો હતો. સાચા હૃદયથી માતા-પિતાની સેવા કરો તો તમામ તીર્થોની યાત્રા પૂર્ણ થાય. દેખાદેખી બાહ્ય આડંબર ન કરવા ચાબખા માર્યા હતા. સાચી વસ્તુને ઓળખો અને સાચા ગુરૂના શરણે જવા જણાવ્યુ. ગ્રામજનોનો પ્રેમ-સહકાર-ભાવનાથી બાવજી ખુશ થયા હતા.

## મતદાર યાદી સુધારણા કાર્યક્રમનો પ્રારંભ

હિંમતનગર, તા. ૩

આગામી સમયમાં લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે તેમાં ૧૮ વર્ષથી ઉપરના લોકોને પોતાનો મતાધિકાર મળે અને તે માટે મતદાર યાદીમાં નવા દાખલ કરવા અથવા સુધારો કે અન્ય ભાગમાં તબદીલ કરવા માટે રાજ્યના ચૂંટણીપંચ દ્વારા તા. ૧થી ૨૦ જૂન સુધી ખાસ મતદાર યાદી સુધારણા કાર્યક્રમનો પ્રારંભ કરાયો છે.